મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૪ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરના માર્ગો બન્યા ડિસ્કો માર્ગ

## વરસાદી માહોલમાં માર્ગો ઉપર પડેલા ગાબડાઓના કારણે વાહનચાલકોમાં અકસ્માતની ભીતી





ગાંધીનગર, તા. ૨૩

શહેરના માર્ગો વરસાદના કારણે ધોવાઈ ગયા છે. માર્ગો પર ડામર ભાંગીને ભુક્કો થઈ ગયો છે. ઈન્ફોસિટી, કુડાસણ, ઘ-રોડ, ક-રોડ પર એક એક ફૂટના ગાબડા પડી ગયા છે. જેથી આ માર્ગોનો ઉપયોગ કરવો સ્થાનિક નાગરિકો માટે પરેશાની જોવા મળી રહી છે. આ માર્ગો પરથી નીકળતા નાના-મોટા વાહનચાલકોને ડિસ્કો ડાન્સ રોડ ઉપરથી નીકળતા હોય તેવા દૃશ્યો દેખાય છે.

સરકાર દ્વારા જનતાની સુખાકારીમાં વધારો કરવા માટે લાખો નહિ પરંતુ કોરોડો રૂપિયા આપવામાં આવે છે. જો કે સ્થાનિક અધિકારી અને પદાધિકારીઓની બેદરકારીના કારણે જનતાને હાલાકીનો સામનો કરવો પડતો હોય છે.

ગયા વર્ષ દરમ્યાન માર્ગો પર પડેલા ગાબડા તંત્ર દ્વારા સમારકામ કરવામાં આવ્યુ હતુ પણ કોન્ટ્રાક્ટરોના વધતા જતા ભ્રષ્ટાચાર અને બેદરકારીને કારણે ચોમાસામાં માર્ગોની હાલત ફરીથી જે હતી તેમ જ થઈ ગઈ છે.

માર્ગો પર પડેલા ગાબડાના કારણે રાહદારીઓ અને મુસાફરોની મુશ્કેલી વધી ગઈ છે અને વાહનોમાં મોટુ નુકશાન થવાની ફરિયાદો ઉઠી રહી છે. તેમજ વાહનચાલકો ઉપર જાનનું જોખમ રહે છે. આ માર્ગો પર કપચીનું પ્રમાણ વધારે હોવાથી વાહનચાલકોને આંખમાં પડવાની ઘટનાઓ બની રહી છે જેમાં આંખોને નુકશાન થવાની ભીતી પણ છે. ધૂળની ડમરીઓની માફક કપચી ઉડવાથી ઘણીવાર વાહનચાલકોને વાગે છે. આ માર્ગો ઉપરથી તંત્રના અધિકારીઓ વારંવાર અવરજવર કરતા હોય છે, છતાં પણ આ ગાબડાઓનો યોગ્ય નિકાલ કરવામાં આવતો નથી. જાહેર જનતાને દર વર્ષે આવી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. શહેરમાં કરોડો રૂપિયાના ખર્ચે લોકાર્પણના કાર્યક્રમો કરવામાં આવે છે પણ તંત્ર દ્વારા જાહેર જનતા માટે વ્યવસ્થિત માર્ગોની સુવિધા આપવામાં આવતી નથી.

અંડરબ્રીજમાંથી પસાર થતા વાહનચાલકોને એવું લાગે છે કે જાણે ડિસ્કો ડાન્સ રોડ ઉપરથી પસાર થતા હોય. આ અંડરબ્રીજમાં ઠેક ઠેકાણે નાના મોટા ગાબડાઓ પડી ગયા છે. ત્યાથી પસાર થવુ જાણે ત્રાસદાયક અનુભવાય છે. વાહનોને આવા ઉબડખાબડ માર્ગો પરથી લઈ જવુ વાહન ચાલકો માટે મુશ્કેલીરૂપ બન્યુ છે. તંત્ર દ્વારા વિકાસ તો થાય છે પરંતુ અવ્યવસ્થિત વિકાસ કાર્યો કરવામાં આવી રહ્યા છે જે આ તમામ માર્ગો પર જોઈ શકાય છે.



વાવોલ વોર્ડ નં. ૭ના ભાજપના ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવ્યો હતો. જેમાં વોર્ડના ઉમેદવારો શૈલેશભાઈ પટેલ, પ્રેમલસિંહ ગોલ, સોનલબા ઘનશ્યામસિંહ વાઘેલા, કિંજલબેન દિનેશજી ઠાકોર દ્વારા વાવોલ-કોલવડા સહિતના વિસ્તારમાં મત આપવા માટે નાગરિકોને અપીલ કરી હતી.



વાવોલ - કોલવડા વોર્ડ નં. ૭ કોંગ્રેસના ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. શેરીએ શેરીએ જઈને કોંગ્રેસના ઉમેદવારો જનતાને મળીને વોટ અપીલ કરી રહ્યા છે. જેમાં કોંગ્રેસ ઉમેદવારો અમરતજી ઠાકોર, ઉષાબેન પટેલ, ગીતાબા વાઘેલા, દેવેન્દ્રસિંહ ગોલ તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહીને ચૂંટણી પ્રચાર કર્યો હતો.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા વાપીમાં તપોવન કેન્દ્રનો પ્રારંભ





ગાંધીનગર, તા.૨૩

સગર્ભા મહિલાઓને ગર્ભસંસ્કારનું પ્રશિક્ષણ આપતા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તપોવન કેન્દ્રનો દક્ષિણ ગુજરાતના વાપીમાં પ્રારંભ કરાયો છે. વાપી પબ્લિક સ્કૂલ સંચાલિત 'વત્સ તપોવન કેન્દ્ર'નું ઉદ્‌ઘાટન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહના હસ્તે ૨૧મી સપ્ટેમ્બરે કરવામાં આવ્યું. આ તકે ડૉકટર્સ, પ્રિન્સિપાલો સહિતની ૩૦ વ્યક્તિઓના શુભેચ્છક મંડળની રચના કરવામાં આવી. આ કાર્યક્રમમાં ૧૨૫થી વધુ લોકો હાજર રહ્યા.

આ કાર્યક્રમમાં 'તેજસ્વી બાળકઃ તેજસ્વી ભારત' વિષય પર કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે વ્યાખ્યાન આપ્યું હતું. રાજ્યમાં ચિલ્ડ્રન્ડસ યુનિવર્સિટીનાં કુલ ૩૬ તપોવન કેન્દ્રો નોંધાયેલાં છે. જેમાંથી વાપીમાં ૧૪મું કેન્દ્ર ક્રિયાશીલ થયું છે. આ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં વાપી પબ્લિક સ્કૂલના સંચાલિકા અલ્પાબેન કોટડિયા, સલવાવ સ્વામિનારાયણ ગુરુકુળના કપિલ સ્વામીજી, શિક્ષણવિદો તેમજ સમાજના પ્રતિષ્ઠિત લોકો હાજર રહ્યા. ઉલ્લેખનીય છે કે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તપોવન કેન્દ્રો દ્વારા સગર્ભા મહિલાઓને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ગર્ભસંસ્કાર અંગે શિક્ષણ આપવામાં આવે છે.

# ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં Spell Bee પ્રતિયોગીતા ઉજવાઈ




ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રિ.પ્રાઈમરી વિભાગમાં **Spell Bee** પ્રતિયોગીતા ઉજવવામાં આવી હતી. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વાલીઓનો પણ સહકાર રહ્યો હતો.

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી ખાતે ગણિત વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટીની એન્જિનિયરીંગ કોલેજના ગણિત વિભાગ દ્વારા 'એપ્લિકેશન ઓફ ન્યુમેરીકલ મેથોડ ઈન મેડીકલ સાયન્સ એન્ડ ટેકનોલોજી' વિષય પર ઓનલાઈન વર્કશોપ યોજાયો હતો જેમાં ૨૪૧ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ વર્કશોપમાં વક્તા તરીકે ડૉ. જ્યોતિન્દ્ર પ્રજાપતિ, ડૉ. રંજના કુમાર જાના, ડૉ. શૈલેશ પટેલ, ડૉ. આરીફ એમ. ખાન, ડૉ. એ.આર. પટેલ, ડૉ. મીરા એચ. ચુડાસમા રહ્યા હતા.

### આર્ષ પ્રવચનમાળા અંતર્ગત

# આવતીકાલે પૂ. જ્ઞાનપ્રિયદાસજી સ્વામીનું ઓનલાઈન પ્રવચન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના અક્ષરધામના 'આર્ષ' દ્વારા ત્રૈમાસિક પ્રવચનમાળાના પ્રવચન-૯૭ અંતર્ગત તા. ૨૫મી સપ્ટેમ્બર શનિવારના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન નિષ્કુળાનંદ સ્વામી વિરચિત ભક્ત ચિંતામણિ શાસ્ત્ર આધારિત ઓનલાઈન પ્રવચન પ્રસ્તુત કરાશે. આ પ્રવચનના વક્તા સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસવિદ તેમજ અમેરિકાના હ્યુસ્ટન ખાતેના બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિરના આંતરરાષ્ટ્રીય વક્તા પૂ. જ્ઞાનપ્રિયદાસ સ્વામી છે. આ સાથે બ્રહ્મ સ્વરૂપ પ્રમુખસ્વાની મહારાજ પ્રેરિત ભક્ત ચિંતામણિ પારાયણ વિડીયોનો વિશેષ લાભ દર્શકોને પ્રાપ્ત થશે. ભક્ત ચિંતામણિ ગ્રંથમાં નિષ્કુળાનંદ સ્વામી દ્વારા રજૂ કરાયેલા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે અંગેના દિવ્ય લીલાચરિત્રો અંગે માર્ગદર્શન મેળવવા ધર્મપ્રેમી શ્રોતાઓએ ઓનલાઈન લાભ લેવા અખબારી યાદીમાં જણાવાયુ છે.



ભૂતપૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ચાતુર્માસ અર્થે બિરાજમાન જૈનાચાર્ય રાષ્ટ્રસંત પ.પૂ. આ.ભ. શ્રી પદ્મસાગર સૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદ ગ્રહણ કર્યા હતા. જૈન સંઘના શ્રેષ્ઠીઓએ તેઓનું બહુમાન કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

# ઓનલાઈન ખરીદી કરી ગ્રાહકોને છેતરતા ત્રણ શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૩



આઈ.ડી.એફ.સી. બેંકના ગ્રાહકોને ઈએમઆઈ કાર્ડની ક્રેડિટ લીમીટ વધારવાની લાલચ આપી ઓટીપી નંબર મેળવી લઈ વિજય સેલ્સમાંથી મોબાઈલ ફોનની ખરીદી કરનાર ત્રણ શખ્સોને સાયબર ક્રાઈમ પોલીસે દબોચી લીધા છે. ત્યારે આઈડીએફસી બેંકનો કર્મચારી જ તેના બે સાગરીતો સાથે મળી ઓનલાઈન છેતરપિંડી આચરી રૂ. ૩.૨૮ લાખની ખરીદી કરી ચુક્યો હોવાનું સામે આવ્યું છે.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સાયબર ક્રાઈમ રેન્જ પોલીસને ઓનલાઈન છેતરપિંડીની ફરીયાદ મળી હતી. જેને અનુલક્ષી પીઆઈ પી.એલ. વાઘેલાએ સ્ટાફના માણસો સાથે મળી ટેકનીકલ ઈન્ટેલીજન્સ મદદથી પેથાપુર શ્રીનાથ સોસાયટી ખાતે રહેતા ચેતનસિંહ લક્ષ્મણસિંહ રાજાવત અને રજનીકાંત રામજીભાઈ વોરા (પ્રભાકર એપાર્ટમેન્ટ, સૈજપુર બોઘા) અને અબ્દુલ કાદર કુરેશી (રહે. સોનીના મેળા પર મચ્છી માર્કેટ પાસે)ની ધરપકડ કરી હતી. જ્યારે પોલીસે પકડેલા શખ્સો પૈકી ચેતનસિંહ આઈડીએફસી બેંકમાં લોન ડિપાર્ટમેન્ટમાં નોકરી કરે છે. તેનો ફાયદો ઉઠાવી રજનીકાંત સાથે મળીને બેંકના લોન પોર્ટલમાંથી ઈએમઆઈ ક્રેડીડ કાર્ડ ધરાવતા ગ્રાહકોના મોબાઈલ નંબર મેળવી બેંક કર્મચારી તરીકેની ઓળખ આપી ગ્રાહકોને ફોન કરી કાર્ડની લિમીટ વધારવાના બહાને ઓટીપી મેળવી લેતા હતા. ત્યારબાદ ઓટીપી અબ્દુલ કુરેશીને મોકલી આપતા હતા. જે મોબાઈલનો ધંધો કરનાર અબ્દુલ વિજય સેલ્સની વેબસાઈટ પરથી મોંઘાદાટ ફોન ઓનલાઈન ખરીદી લેતો હતો. ત્યારબાદ વસ્તુ વેચી દેતા હતા. ત્યારે આઈડીએફડી બેંક ગ્રાહક ઈએમટીનો હપ્તો ભરવા માટે બેંક તરફથી ફોન કરવામાં આવતો હતો. તે સમયે ગ્રાહકને જાણ થતી હતી કે તેમના ઈએમઆઈ કાર્ડ દ્વારા ઓનલાઈન ખરીદી થઈ છે. ત્રણેય શખ્સોએ અત્યાર સુધી રૂ. ૩.૨૮ લાખની ઓનલાઈન ખરીદી કરી છેતરપિંડી આચરી નાગરિકોને નુકશાન પહોંચાડતા હતા.

# આગામી પાંચમીએ ડાક અદાલત

ગાંધીનગર, તા. ૨૩

પોસ્ટલ ડિવિઝન સેક્ટર-૧૧ ખાતે ૫ ઓક્ટોબરના રોજ ડાક અદાલતનું આયોજન કરેલ છે. જેમાં ટપાલ સેવાઓને લગતા પ્રશ્નોનો નિકાલ કરવાનું આયોજન છે. આ કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે યોજાશે. ટપાલસેવાઓને લગતી ફરિયાદો આ અદાલતમાં સાંભળવામાં આવશે તેથી ટપાલસેવાને લગતા પ્રશ્નો સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ સેક્ટર-૧૧ ખાતે ૨૭ સપ્ટેમ્બર સુધીમાં મોકલવાની રહેશે અને આ ફરિયાદ સ્પષ્ટ, મુદ્દાસર તેમજ એક જ વિષય પર હોવી જોઈએ નિતિવિષયક ફરિયાદોને ડાક અદાલતમાં ધ્યાનમાં લેવાશે નહિ.

# માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સેવાકાર્ય



ગાંધીનગર, તા. ૨૩

માં મેલડી આનંદ ગરબા મંડળ સેક્ટર-૩-સી દ્વારા શ્રમજીવી પરિવાર અને બાળકોને ભોજન આપવામાં આવ્યું હતું. શ્રાદ્ધ નિમિત્તે શ્રમજીવી બાળકોને અને પરિવારને ભોજન પીરસ્યુ હતુ. જેમાં પુરી, શાક, જલેબી પીરસવામાં આવ્યા હતા. શ્રમજીવી પરિવાર અને બાળકો સાથે ૧૨૫ થી ૧૩૦ વ્યક્તિઓને મંડળની બહેનો દ્વારા ભોજન આપવામાં આવ્યુ હતુ. જેમાં મધબેન કડીકર, મીનાબેન, વસંતબેન, જશીબેન, ચેતનાબેન, નીશાબેન, કોકીલાબેન, પ્રફુલ્લાબેન, નયનાબેન, સવિતાબેન, રમીલાબેન, નર્મદાબેન, હીનાબેન, દિપિકાબેન, વિનયભાઈ, જીતુભાઈ સર્વેનો સાથ સહકાર રહ્યો હતો. સુનિલભાઈ રૂદ્રાક્ષ ટિફિન દ્વારા રસોઈ બનાવીને સાત્વિક ભોજન પીરસ્યુ હતુ.

# સ્પોર્ટસ ઓથોરીટી ખાતે મહિલા રોકડ પુરસ્કાર આપવાની યોજના

ગાંધીનગર, તા. ૨૩

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા રાજ્યના મહિલા રમતવીરોને મહિલા રોકડ પુરસ્કાર આપવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. જેથી ગાંધીનગર જિલ્લાની મહિલા રમતવીરોને આ યોજનાનો લાભ મળે તે હેતુસર ફોર્મ ભરીને ૧૫ ઓક્ટોબર સુધીમાં સીનીયર કોચ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોવર્ધન હવેલીની સામે સેક્ટર-૨૧ ખાતે અરજી મોકલવાની રહેશે. વર્ષ-૨૦૨૧-૨૨માં વિવિધ રમતોની રાજ્યકક્ષાની શાળાકીય/ખેલમહાકુંભ સ્પર્ધાઓમાં એસ.એ.જી. દ્વારા ભાગ લીધેલ મહિલા ખેલાડીઓને કોઈપણ એક રમતમાં તેમજ એક સિદ્ધિ માટે રોકડ પુરસ્કાર યોજનાનો લાભ મળી શકશે. વર્ષ-૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ માં આ યોજનાથી વંચિત રહિ ગયેલ ખેલાડીઓ પણ અરજી કરી શકશે.

## જન્મદિને વધામણી



**આશાબેન સરવૈયા**
કાર્યક્રમ સંયોજક
કલરવ, કલા ગુર્જરી, શિવરંજની સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૩ ૩૩૬૭૫



**ભરતભાઈ દવે**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૨ ૫૨૫૬૫



**શીતલ સતિષજી ઠાકોર**



**સિદ્ધિ સતિષજી ઠાકોર**



**સાહિલ પટેલ**
રાધે-રાધે પરિવાર, ગાંધીનગર



**જીતુ મેઘવાલ**
મો. ૮૪૦૧૦ ૮૯૩૧૨



**શોભનાબેન જી ઓઝા**

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.વાઘેલા નેનીબેન પોપટજી, ઉ.વ.૮૦, પેથાપુર.
- સ્વ. પટેલ હીરાબેન શાન્તિબેન, ઉ.વ. ૯૦, રાયસણ
- સ્વ.ઠાકોર કિશન વિક્રમજી, ઉ.વ. ૧૭, બાપુપુરા, પીંપળજ.
- સ્વ. ચૌહાણ રમણભાઈ ચીમનભાઈ, ઉ.વ. ૭૦, ઉનાવા
- તિવારી રંજન, ઉ.વ. ૬૪, આઝાદ નગર, ઉત્તરપ્રદેશ
- સ્વ. પટેલ હરગોવિંદભાઈ પરસોત્તમદાસ, ઉ.વ. ૯૬, રણછોડપુરા, માણસા.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧